# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

જોડાણ વિભાગ

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં.૨૧૪

ફેક્સ નં.:(૦૨૮૧)૨૫૭૬૩૪૭ ઈ-મેઈલ : affiliation@sauuni.ac.in


Azadi Ka Amrit Mahotsav

નં. જોડાણ/૩૬૬૦૫ /૨૦૨૨ તા.૨૬/૦૭/૨૦૨૨

વિષય :- BCI નોર્મ્સ મુજબ પૂર્તતા અહેવાલ મોકલવા બાબત.

સંદર્ભ :- (૧) એકેડેમિક કાઉન્સીલ તા.૧૪/૦૬/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક :03

(૨) સીન્ડીકેટ તા.૨૫/૦૮/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક :૧૧ (3)

(૩) અત્રે ની યુનિવર્સિટી ના તા.૨૬/૧૦/૨૦૨૧ ના પરિપત્ર ક્રમાંક : જોડાણ/૫/૧૪૩૯/૨૦૨૧

(૪) અત્રે ની યુનિવર્સિટીના તા.૨૧/૦૬/૨૦૨૨ ના પરિપત્ર ક્રમાંક : જોડાણ/૫૯૩/૨૦૨૨

(૫) એકેડેમિક કાઉન્સિલ તા.૩૦/૦૬/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક : ૯

(૬) સીન્ડીકેટ તા.૧૫/૦૭/૨૦૨૨ના ઠરાવ – ૫૪ (૯)

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર LL.B. અભ્યાસક્રમ ચલાવતી સર્વે કોલેજોનાં સંચાલકશ્રીઓ/આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, ઉપર્યુકત સંદર્ભ ૧,૨ પરના ઠરાવ અન્વયે વર્ષ ૨૦૨૧-૨૨ માં LL.B. પ્રવેશ માટે BCI ના નોર્મ્સ મુજબ સ્ટાફ ભરતી, લાઈબ્રેરી સુવિધા, બેંક દ્વારા પેમેન્ટ, મૂટ કોર્ટ વગેરે બાબતો ની પૂર્તતા માટે સંદર્ભ – 03 પરના પરિપત્ર થી પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ. જે પરત્વે જે સંસ્થાઓએ પૂર્તતા કરેલ અથવા બાહેંધરી આપેલ તે પરત્વે વર્ષ ૨૦૨૧-૨૨ માટે વિદ્યાર્થીઓના એનલીસ્ટમેન્ટ કરવામાં આવેલ.

સ્વનિર્ભર LL.B. અભ્યાસક્રમમાં વર્ષ ૨૦૨૨-૨૩ માટે વિદ્યાર્થી પ્રવેશ એનલીસ્ટમેન્ટ માટે દરેક સંસ્થાઓએ પાસેથી સંદર્ભ -03 પરના પરિપત્ર અન્વયે આપેલ બાહેંધરીની પૂર્તતા માટે સંદર્ભ – 0૪ પરના પરિપત્ર થી જણાવવામાં આવેલ પરંતુ કેટલીક કોલેજો તરફથી પૂર્તતા અહેવાલ હજુ સુધી મળેલ નથી.

સંદર્ભ – ૫,૬ પરના ઠરાવ થી નીચે મુજબની વિગતે ઠરાવવામાં આવેલ છે.

એકેડેમિક કાઉન્સિલ તા.૩૦/૦૬/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક : ૯ (સંદર્ભ ભાગ)

"આથી વધુમાં ઠરાવવામાં આવે છેકે, સંલગ્ન તમામ લો કોલેજોમાં (જ્યાં લાગુ પડતું હોઈ તે મુજબ) BCI નોર્મ્સ મુજબ સ્ટાફ, માળખાકીય સુવિધાઓ, લાઈબ્રેરી, મુટ કોર્ટ, બેંક દ્વારા પેમેન્ટ વગેરે મુદ્દાઓની પૂર્તતા થયેલ છે કે કેમ તે પરત્વે ની ચકાસણી માટે નીચે મુજબની સમિતિની રચના કરવી.

(૧) ડીનશ્રી કાયદા વિદ્યાશાખા (કન્વીનર)

(૨) ડો.વિમલભાઈ પરમાર

(૩) ડો.મિનલબેન રાવલ

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સમિતિના અહેવાલ ના આધારે વર્ષ ૨૦૨૨-૨૩ ના એનરોલમેન્ટ કરવા કે કેમ તે અંગેની સત્તા માન. કુલપતિશ્રીને આપવી. જો લો કોલેજો દ્વારા ઉપર્યુક્ત મુદ્દાઓની પૂર્તતા થયેલ ન હોઈ તો જોડાણ સ્થગિત કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

જોડાણ વિભાગ

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં.૨૧૪

ફેક્સ નં.:(૦૨૮૧)૨૫૭૬૩૪૭ ઈ-મેઈલ : affiliation@sauuni.ac.in


Azadi Ka Amrit Mahotsav

---

સિન્ડિકેટ તા.૧૫/૦૭/૨૦૨૨ ના ઠરવ ક્રમાંક : ૫૪(૯) (સંદર્ભ ભાગ)

"આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન લો કોલેજોમાં BCI નોર્મ્સ મુજબ ના મુદાઓ પરત્વે રચવામાં આવેલ સમિતિ તથા તે પરત્વેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી."

ઉપર્યુક્ત ઠરાવ ધ્યાને લઇ સંદર્ભ – ૪ પરના પરિપત્ર થી માંગવામાં આવેલ પૂર્તતા અહેવાલ દિન – ૫ માં અત્રે ની યુનિવર્સિટીને પત્ર દ્વારા/રૂબરૂ અથવા ઈ-મેઈલ આઈ.ડી. affiliation@sauuni.ac.in પર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે. જો દિન – ૫ માં સંસ્થા તરફથી પૂર્તતા અહેવાલ મોકલવામાં નહિ આવે તો તે બાબત સમિતિ સમક્ષ રજુ કરી શકાશે નહિ અને તેના કારણે વર્ષ ૨૦૨૨-૨૩ ના એનલીસ્ટમેન્ટ થઈ શકશે નહિ તેમજ વર્ષ ૨૦૨૨-૨૩ નું જોડાણ સ્થગિત કરવાની કાર્યવાહી કરવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની રહેશે.

કુલસચિવ

બીડાણ :-
સંદર્ભ – ૪

પ્રતિ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર LL.B. અભ્યાસક્રમ ચલાવતી સર્વે કોલેજોના
સંચાલકશ્રીઓ/આચાર્યશ્રીઓ

**નકલ સાદર રવાના:-**

**૧. માન.કુલપતિશ્રી / કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી**

**૨. ડો. મયુરસિંહ જાડેજા, ડીનશ્રી, કાયદા વિદ્યાશાખા**

**નકલ રવાના :-**

**કોમ્પ્યુટર સેન્ટર (વેબ સાઈટ પર પ્રસિદ્ધ થવા અર્થે ..)**